વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જાન્યુઆરી - ૬, ૨૦૧૮

## નવા વર્ષ ૨૦૧૮ની સૌને શુભેચ્છા

# પ્રાર્થના

શાંતિ કા વાદ્ય બના તુ મુજે
પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
હો તિરસ્કાર જહાં કરું સ્નેહ
હો હમલા તો ક્ષમા કરું મૈં.... શાંતિ કા...

હો જહાં ભેદ અભેદ કરૂં
હો જહાં ભૂલ મૈં સત્ય કરું.... શાંતિ કા...
હો સંદેહ વહાં વિશ્વાસ
ઘોર નિરાશા વહાં કરું આશ.... શાંતિ કા...

હો અંધિયાર વહાં પ્રકાશ
હો જહાં દુઃખ ઉસે કરું હાસ.... શાંતિ કા...
શાંતિ કા વાદ્ય બના તુ મુજે
પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે.... શાંતિ કા...

**સેઈન્ટ ફ્રાન્સીસ, આસીસી**

❑

# ઓખી ચક્રવાતઃ માછીમારોની દુર્દશા

**સેવા કેરળ**ના સભ્યો કેરળના દરિયાકાંઠાના તમામ ગામમોમાં ફેલાયેલાં છે. ૨૯ અને ૩૦મી નવેમ્બરે ''ઓખી'' વાવાઝોડું ત્રાટક્યું અને આ સભ્યોની જિંદગી તીતર-બિતર કરી નાંખી. આ પરિવારોમાંથી ઘણાં માછીમારો પોતાનાં જીવન નિર્વાહ માટે દરિયામાં ગયેલાં અને તીવ્રતાથી ''ઓખી'' ફરી વળતાં કેટલાંય માછીમારો હજુ ય લાપતા જ છે.

સત્તાવાર સૂત્રો પ્રમાણે આશરે ૩૦૦ માછીમારો ગૂમ થયા પણ હકીકતમાં, આનાથી પણ વધારે ગૂમ થયાં છે. ૮૦ માછીમારોએ પોતાનો જીવ ગુમાવ્યો અને ૧૫૦ માછીમારો હજુય લાપતા છે. જે પાછા આવી શક્યાં તેમને ગંભીર ઈજાઓ થઈ અને ટ્રોમાના કારણે સરકારી અસ્પતાલમાં દાખલ થયાં હતાં. બધાં ઊંડા દરિયાના ચક્રવાતની ભયજનક પરિસ્થિતિની વાતો કરતાં હતાં. એમાંના ઘણા હજુ આ આઘાતમાંથી બહાર નથી આવ્યાં. ઘણાં માછીમારોએ તો માછીમારી કરવાનો આત્મવિશ્વાસ જ ગુમાવી દીધો છે. હજુ તેઓ રાત્રે સૂઈ નથી શકતાં. તેમની આંખ સામે તેમણે પોતાના સાથીદારોને મોતના મુખમાં હોમાતા જોયાં છે.

આદિમાલાથુરા ગામમાંથી ફક્ત એક જ માછીમાર તે 'માર્ટિન' બચ્યો છે જે હોડીનો મુખ્ય માછીમાર હતો. આ હોડીમાં સેવાના સભ્યબેનના પતિ લોરેન્સ હતાં. તેમને તરતા નહતું આવડતું. વાવાઝોડા વખતે માર્ટિને લૉરેન્સને એક આખો દિવસ ખભા પર રાખ્યો ને તેમને બચાવવા માટેનાં પૂરતાં પ્રયત્નો કર્યા. માર્ટિન પણ થાકેલાં. લોરેન્સને લાગ્યું કે, હવે તો બન્નેનો જાન જશે એટલે માર્ટિનને કહી દીધું કે, હવે તમે એકલા આગળ વધો. તમે તમારો જીવ બચાવો...

જે પુરૂષો ખોવાયેલાં હતાં તેમની પત્નીઓ ચર્ચ સામે, નીચે બેસી પોતાનાં પ્રિયજનોની રાહ જોતાં હતાં. કેટલાંકને તેમના પતિના મૃતદેહ મળ્યાં પણ તે સડવાનું શરૂ થઈ ગયું હોવાથી તેમને જોવા દેવામાં ના આવ્યાં. આ મૃતદેહો કોનાં ? છેવટે ડીએનએ પરિક્ષણ દ્વારા ઓળખ્યાં...

આ દુર્દશામાં, કહો 'સેવા' ક્યાં ઓઢાય ને ક્યાં પથરાય ?!

ઓખી પછીની પરિસ્થિતિ તદ્દન આઘાતજનક અને અસ્તવ્યસ્ત છે. જુદા-જુદા પ્રકારની કામચલાઉ મદદ જેવી કે, ખાદ્યસામગ્રી, કરિયાણુ અને પાણીની કિંમત ત્યાં પહોંચાડવામાં આવી. સરકારે તાત્કાલિક મદદના પગલાં તરીકે રાહત કેમ્પ અને આરોગ્ય કેન્દ્રો ખોલ્યા. તેઓ બધાને ચર્ચની જગ્યાએ ભેગા કરવામાં આવ્યા હતા. અને ચર્ચ મીશનરી તેમના સ્વયંસેવકો દ્વારા કાર્યરત કરવામાં આવી. મત્સ્ય ઉદ્યોગ અને મહેસૂલ વિભાગે એકસાથે રહીને બચાવ કામગીરી અને રાહત પગલાંના વિતરણનું કામ કર્યુ. વડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાને આ વિસ્તારની મુલાકાત લીધી. જે વિનાશ થયો તેના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે શાબ્દિક યુધ્ધ થયું.

સેવા કેરળના સભ્યો કેરળના દરિયાકાંઠાના તમામ ગામોમાં ફેલાયેલા છે. અમારી ઘણી બહેનોએ તેમના પતિ, ભાઈ અને પિતાને ગુમાવ્યા છે. તેમાંની અમુક બહેનો હજી તેમના સંબંધીઓ પાછા આવશે, તેવી આશા રાખે છે. અમારી પાસે તેમને આશ્વાસન આપવાના કોઈ શબ્દો નથી. નાતાલ એક એવો તહેવાર છે કે જેમાં તેમના ગામોમાં તે બધા ભેગા થાય છે. અને જે લોકો ઉંડા દરિયામાં માછીમારી માટે ગયા છે, તેઓ પણ ૨૫ ડિસેમ્બર પહેલાં પરત ફરશે જ તે તેમનો રિવાજ છે. નાતાલ અને નવુ વર્ષ એ તેમની મોટી ઉજવણી છે. આ વર્ષે જ્યારે અમે વિસ્તારોની મુલાકાત લીધી ત્યારે અમને તેમની તકલીફ અને પીડાનો અનુભવ થયો. ઘણાં લોકો ખૂબ જ ઘાયલ થઈને પાછા આવ્યા છે, આઘાત સાથે પાછા આવ્યા છે. તેમના માટે આ આઘાતમાંથી ઉગરવું ખૂબ




સેવા કેરળના શોકાતૂર બહેનો

જ મુશ્કેલ છે. અમે સક્રિય રીતે અમારા વિસ્તારોની બહેનો અને તેમના પરિવારોને મદદ આપીએ છીએ. તેવી જ રીતે, અમે સરકાર સાથે લાંબા ગાળા અને ટૂંકાગાળાના રાહત પેકેજ માટે ચર્ચાઓની શરૂઆત કરી દીધી છે. કેરળ સરકારે મૃતકના આશ્રિતોને (મૃત્યુ પામેલા અને ખોવાઇ ગયેલા બંને માટે) ૨૦ લાખ રૂ.ની મદદની જાહેરાત કરી છે. આ નાણાં તેમના નામે પહેલાં પાંચ વર્ષ માટે સરકારી ખજાનામાં જમા થશે. પછી તેને વ્યાજ સાથે કુટુંબને આપવામાં આવશે. વચગાળાની મદદ તરીકે સમગ્ર પરિવારને કે જેઓ દરિયામાં જવા માટે અસમર્થ છે તેમને ૨૦૦૦રૂા. અને મફતમાં ચોખા પૂરા પાડવામાં આવશે. આ સિવાય મૃતકના પરિવારના તમામ બાળકોને મફતમાં શિક્ષણ અને કુટુંબમાંથી એક વ્યક્તિને નોકરી આપવામાં આવશે. બહેનોને તેમના જીવનનિર્વાહ માટે આજીવિકા મળી રહે, તે માટે વિભિન્ન માધ્યમો દ્વારા ટેકો આપવામાં આવશે. ઘણી બહેનો માછીમારી સાથે સંકળાયેલી છે અને અન્ય સ્વરોજગારી જેવી કે, સિલાઇકામ અને માછલી સૂકવણીના કામ સાથે સંકળાયેલી છે. આ તોફાનમાં જે લોકોએ પોતાના ઘર ગુમાવ્યા છે, તે બધાને સરકાર ઘર બનાવી આપશે. ચર્ચ અને અન્ય એજન્સીઓ હજુ પણ જુદા-જુદા પ્રકારના રાહત કાર્ય જેવા કે, શૈક્ષણિક અને તબીબી સહાય સાથે જોડાયેલા છે. સમુદાયને માનસિક આઘાતમાંથી બહાર આવવા માટે ખૂબ જ સહાયની જરૂર છે. પરિણામોનો અને સંઘર્ષનો સામનો કરવા બહેનો, ભાઇઓ અને બાળકોને વ્યવસાયિક પરામર્શ અને તાલીમની જરૂર છે.

સેવા અનુભવે છે કે, તેની ભૂમિકા આ પ્રક્રિયાને જુદા-જુદા સ્તરે સરળ બનાવવાની છે. અમે અમારા સભ્યબહેનો સાથે વિસ્તારોમાં મીટીંગો કરીએ છીએ. તેમની જરૂરિયાતોને એક પછી એક સ્પષ્ટતાપૂર્વક ધ્યાનમાં લેવી જરૂરી છે. અમે અસરગ્રસ્તની વિગતોનું દસ્તાવેજીકરણ કરવાનું શરૂ કરી દીધું છે. અને સ્થાનિક સ્તરના કન્વીનરને પ્રથમ કક્ષાના રાહતકામના નિરીક્ષણની જવાબદારી સોંપેલી છે.

માછીમારી માટે જતા પુરુષોની સલામતીના પગલાંના સમાવેશ સાથે, આ કટોકટીના લાંબાગાળાના વ્યવસ્થાપન માટે સરકાર સાથે વાટાઘાટોની જરૂર છે. સ્થાનિક પંચાયતમાં બધાની નોંધણી એક એવી વસ્તુ છે કે, જેની અમે માંગણી કરીએ છીએ. તે ઉપરાંત, એક રોજીંદુ નિરિક્ષણ કે જેઓ દરિયામાં જાય છે. તેમની તમામ વિગતો હોય. વધુ સારી તકનીકી ચેતવણીઓની પ્રણાલી વિકસાવવી. જેથી તેમની આજીવિકાને ટેકો મળે.

**-સોનિયા જ્યોર્જ, મંત્રી, સેવા કેરળ**

❑

# શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘની રજત જયંતિ

તા.૩૦/૧૧/૨૦૧૭ના ચંદા નિવાસ ખાતે ‘શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ’ની રજત જયંતિની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં સાથે આપણાં ઇલાબહેન હતાં. ઉપરાંત, સેવા ફેડરેશનની સભાસદ મંડળીઓમાંથી ૨૦૦ બહેનોએ ભાગ લીધો.

સેવા ફેડરેશનના પ્રમુખ મિરાઇબહેને સૌનું સ્વાગત કરતાં કહ્યું કે, સેવા ફેડરેશનમાં પ્રાથમિક કક્ષાની ૧૦૬ મહિલા મંડળીઓ જોડાયેલી છે. તેમના આગેવાનોને સલામ! કે જેઓ ૨૫-૩૦ વર્ષોથી મંડળીઓ ચલાવે છે. હું સહકારના પાઠ ઇલાબહેન, લલિતાજી, સંગીની મંડળીની બહેનો, લોક સ્વાસ્થ્ય મંડળી અને ફેડરેશનના બહેનો દ્વારા શીખી. મને ગૌરવ છે કે, આજે ૧૦૬ મંડળીના ૩ લાખ બહેનો ફેડરેશનમાં જોડાયેલ છે. સેવા ફેડરેશનની ૮૦% મંડળીઓ પગભર છે ને ભવિષ્યમાં નવી નવી તકો જેમ કે કોમ્પ્યુટર જોબવર્ક, ડ્રાયવર, અને સિક્યુરીટીગાર્ડની મંડળીઓ બનાવવાનું વિચારે છે. આજે, મંડળીઓ માટે બજાર સાથેના જોડાણને અહમ મુદ્દો છે. ફેડરેશન ધીમા પણ મક્કમ પગલે સ્વરાજના પથ પર આગળ વધશે. જેમાં સહકારી મંડળીઓ ભૂમિકા મહત્ત્વની રહેશે.

ત્યારબાદ ફેડરેશનના ડેપ્યુટી મેનેજીંગ ડીરેક્ટર જયાબેન વાઘેલાએ ફેડરેશન ૧૯૯૨થી ૨૦૧૭ – ૨૫ વર્ષની મહત્ત્વની સિધ્ધિઓની રજૂઆત કરતાં કહ્યું કે, આ પ્રસંગ તે શ્રમજીવી બહેનોના કામની કદર અને તેમનાં કામની ઉજવણીનો છે. મંડળીઓના પ્રોત્સાહનનો પ્રસંગ છે. ત્યારબાદ દૂધ મંડળીઓ વતી સીતાબેન પટેલ, સેવા આપનાર મંડળીઓમાંથી મંજુલાબેન વાઘેલા અને રમીલાબેન પરમાર હસ્તકલામાંથી રેહમતબેને મંડળીઓના તેમનાં અનુભવ ટાંકતા જણાવ્યું કે, ખાસ ફેડરેશને તેની મંડળીઓની નોંધણીથી માંડી, પગભર બનાવવામાં આપેલ સાથ-સહકાર ખૂબ અગત્યનો રહયો છે. ફેડરેશનની તાલીમોથી અમારી મંડળીના સભાસદો કારોબારી મંડળીના નિર્ણયો લેતા શીખ્યા,મંડળીઓને આપેલ રીવોલ્વીગ ફંડ અને ધંધાકીય આયોજનના કારણે જ તેમની મંડળીઓ એક કરોડથી માંડીને ૬ કરોડના ટર્નઓવરે પહોંચ્યી ને આજે આ અવોર્ડના હક્કદાર બન્યા છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રમુખ, ઘનશ્યામભાઇએ જણાવ્યું કે, આ સંઘ બનાવવા માટે અને આવી બહેનોની વિવિધ પ્રકારની મંડળીઓ બનાવવાનો વિચાર ઇલાબેનને આવ્યો તે બદલ અભિનંદન. આવી પ્રાથમિક મહિલા મંડળીઓના પ્રશ્નોનું નિરાકરણ, વેચાણ અને તાલીમના કામ આ કામને વંદન. બહેનોના સામાજીક, આર્થિક વિકાસ માટે સહકારી મંડળી એ જ એક માધ્યમ છે. હજુ વધુ ને વધુ બહેનો આમાં જોડાય તેમાં હું હંમેશા તમારી સાથે રહીશ.

નવી મંડળીની નોંધણીમાં, મહિલા દૂધ મંડળીઓના દૂધઘર અને બચતધિરાણની મંડળીઓમાં બહેનો માટે હજુ પણ વધારે તક છે, તેમાં મારો સાથ રહેશે.

ફિક્કીના પ્રમુખ પાવનીબેને જણાવ્યું કે, સેવા ફેડરેશન સાથે જ્યારથી જોડાય ત્યારથી આ શ્રમજીવી બહેનો મારા માટે પ્રેરણારૂપ છે અને હજુ પણ તમે આગળ વધો તેવી શુભેચ્છા.

સહકારી વિકાસ નિગમનાં પાંડેજીએ જણાવ્યું કે, ફેડરેશનથી હું ઘણો પ્રભાવિત થયો છું. મોરબીદૂધ સંઘ સાથે રહી ૨૦ મહિલા મંડળીઓને દૂધઘર બનાવવા માટે લોનો આપી એમ ફેડરેશન કે સેવા બેંક સાથે રહીને આ કામ કરી શકીએ. આ ડિસેમ્બર કે જાન્યુઆરીમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનની મહિલા મંડળીઓના કાર્યશિબિર સાથે રહીને કરીશું અને બહેનો બીજા રાજયમાં જઇને તેમની કામગીરીમાંથી એકબીજા શીખે તે ગોઠવીશું.

સહકારી વિભાગમાંથી આવેલ જોઇન્ટ રજીસ્ટારે જણાવ્યું કે, પ્રથમ વખત મારે 'સેવા'ની બહેનોના કામની ઉજવણીના પ્રસંગમાં આવવાનું થયું. હું પણ આપને સહકારી વિભાગ વતી આશ્વાસન આપું છું કે, ગમે ત્યારે કોઇપણ મદદની જરૂર હોય તો જણાવજો. સરકાર તમારી સાથે છે . આ સરકાર અને સહકારનો સુમેળ આગળ વધે. તમારું કામ હજુ આગળ વધે. નવા પ્રકારની મંડળીઓ બનાવો અને બહેનોની ભાગીદારી વધે. અહીં આવીને મેં જાણ્યું કે, આવી બહેનોની મંડળી દ્વારા ૪૦૦ કરોડ ગરીબોના હાથમાં આવ્યા તે ગૌરવની વાત છે.

આંતરરાષ્ટ્રિય સહકારી મંડળીના સંઘના સાવિત્રીબેને જણાવ્યું કે, સેવાની મંડળીઓની વાતો આપણા દેશમાંજ નહિં પણ મારો જે અનુભવ રહયો છે એમાં, દુનિયાના મોટાભાગના દેશોમાં બધાં જ જાણે છે. માન્ચેસ્ટરમાં તો એક બહેને મને કહયું કે તેઓએ તેની દીકરીનું નામ ઇલા રાખ્યું છે. હું જ્યારથી સેવામાં આવી છું. ત્યારથી ઇલાબેન મારા રોલ મોડેલ છે. સેવાની છાપ ખૂબ જ છે. ગુજરાતની માટીમાં કઇ નોખી વાત છે કે, અહીં સહકારિતા આટલી વિકસી છે. તમારી શાકભાજીની દુકાન નં-૪૦ પણ પ્રેરક છે. જેમાં એલએલબી થયેલ બેન શાકભાજીનું વેચાણ કરે છે. બીજા રાજયોમાં પણ સેવાની જરૂર છે. અમારી સાથે હાલ ૨૮ યુનિયન, ૯૭ ફેડરેશન જોડાયેલ છે. સેવા ફેડરેશન જોડાય તેવી આશા છે. ખેતીમાં સેવા વધુ કામ કરે. કેમ કે, તેમાં ૫૦% જેટલું કામ બહેનો કરે છે પણ તેના નામે જમીન નહી હોવાથી તેની મહિલા ખેડુ તરીકેની કોઇ ઓળખ નથી. અમો મહિલાઓને મંડળીઓનું ટેકનીકલ જ્ઞાન આપીએ છીએ. જેમાં ખાસ નાણાંકીય બાબતોને આવરી લેવામાં આવે છે.

ત્યારબાદ સેવા ફેડરેશનમાં ૨૫ વર્ષ સુધી પૂર્વ ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે કામ કરી ચૂકેલા લલિતાજીએ અનુભવ ટાંકતા કહયું કે, ફેડરેશનનો ઉદ્ભવથી માંડીને આજે ૧૦૬ મંડળીઓને બનાવવામાં, અત્યારના સંજોગો સામે ટકાવવામાં અને પગભર કરવામાં ફેડરેશનને ઘણાં સંઘર્ષો પણ કરવા પડયા. પહેલાં તો, મંડળીની નોંધણીમાં પણ સમય લાગતો. જ્યારે સેવા આપનાર મંડળીઓની પહેલ કરી ત્યારે તે સરકારનાં જાહેર કરેલ ઢાંચાંમાં પણ ના આવે. બીજું કે, સંઘની દરેક અલગ-અલગ પ્રકારની મંડળીઓનાં પશ્નો અલગ. તેના માટે આવડતો અલગ-અલગ જોઇએ.

આજે ૧૦૬ મંડળીએ ફેડરેશન પહોંચ્યું: ધીમે ધીમે ફેડરેશન અને મંડળીઓની દૃશ્યતા વધતી ગઇ. સેવાથી મંડળીઓને મજબૂતી મળી. આખા ગુજરાતમાં માંડ ૨%થી ૩% બહેનોની મંડળીઓ છે. અને એમાં ય પગભર મંડળીઓમાં સેવા ફેડરેશનની મંડળીઓનો ફાળો મોટો છે. સેવા ફેડરેશને ૧૦ વર્ષ પુરા કર્યા ત્યારે અને આજેય 'સેવા ફેડરેશન'ના અનુભવનું પુસ્તકનું વિમોચન ઇલાબેનના હાથે થવાનું તે એક ગૌરવની વાત છે. બસ, સેવા ફેડરેશન આગળ વધતું રહે તેવી આશા અને શુભેચ્છાઓ.

ત્યારબાદ, ફેડરેશનના સ્થાપક અને પ્રથમ પ્રમુખ ઇલાબેને સભાને સંબોધતા જણાવ્યું કે, ભગવાને મને બે જ હાથ આપ્યા છે તો, આટલા બધા બેનોની વતી તાળી કેવી રીતે પાડુ! ૨૫ વર્ષની આપણી ઉજવણીનો નિચોડ એટલે કે, આપણે બધા પોતે જ ભેગા થઇ માલિક, મેનેજર ને લાભાર્થી થયા. અને એટલે જ તો તમારાં પુસ્તકનું નામ પણ એ જ રાખ્યું. સહકારીતાનું કામ અઘરૂ છે. હું ભૂતકાળ કરતાં ભવિષ્યની વાત કરીશ. આપણે હવે આગળ કેમ વધવાનું તે જોવાનું. સેવાની બધી જ મંડળીઓ એકસૂત્રતામાં આવે. મધ્યપ્રદેશ, બિહાર, બીજા રાજયોની મંડળીઓને કેવી રીતે જોડીએ ? આ કામનો કોઇ અંત નથી. પૂરતી ચર્ચા વિચારણા બાદ ભવિષ્યનું આયોજન બનાવવું જરૂરી છે. બહારના આર્થિક પ્રવાહો બદલાય છે. અને વિચારોના પ્રવાહો પણ બદલાય છે. દુનિયાનું બજાર બદલાય છે. તમે પોતે જ કારીગરને તમે પોતે જ શેઠ છો. બજારમાં આપણી પોતાની ડિઝાઇન લાવો. નવી આવડતો, બહારની ટેક્નોલૉજીને આપણે આંગણે લાવો. નવી પેઢીને જોડીને કોમ્પ્યુટરની ય મંડળી બનાવો, નવી પેઢી નવું શીખવા ખૂબજ આતુર છે. મોટી કંપનીઓ બનાવે તે આપણે કાં ન બનાવીએ ? પડીકા ખાવાના છોડાવો. તેનાંથી શરીરને ફાયદો નથી અને જાણ્યું કે એ પડીકું જેવું ખોલો કે, કિંમતના ૨૦% નાણાં વિદેશના બ્રેન્ડ માલિકને ડૉલરમાં પહોંચી જાય. જેમ કે 'લેઝ'ની બટાકાની ચીપ્સ! ગામે ગામ લોકો દેવામાં છે. તેમની મિલ્કતજમીન છે તેને દેવામાંથી છોડાવવાની છે. મંડળી-મંડળી વચ્ચેનાં સંબંધોને હજુ વધારે ઘનિષ્ટ કરો. આપણું માર્કેટ આપણું સંગઠન આપણી સેવાઓ સૌ મંડળીઓને પહોંચાડો. આપણે મૂલ્યોવાળા, આપણું સંગઠન મૂલ્યોવાળું અને આપણું ઉત્પાદન અને સેવાઓ પણ મૂલ્યોવાળી. આજે આપણાં તમામ સાથીઓનો આભાર. અને વધુ મજબૂત થઇએ તેવી શુભેચ્છાઓ.

ત્યારબાદ વડીલ શ્રી મૂલાણીભાઇએ કહયું કે, મંડળીઓ ઉભી કરવી સહેલી છે. પણ ચલાવવી અઘરી છે. પણ બહેનોએ તે ચલાવી. મને પણ ફેડરેશનમાંથી ઘણું શીખવા મળ્યું. મને ઇલાબેનમાં અને બેનોમાં પણ ખૂબ જ વિશ્વાસ છે. આજે ખુબ જ શુભેચ્છાઓ.

ત્યારબાદ ઇલાબેનનાં હસ્તે સંઘની સભાસદ મંડળીઓને ઇનામ વિતરણ કાર્યક્રમ કર્યો જેમાં ૫ કરોડથી ઉપર જેનું ટર્નઓવર છે તેવી પાંચ મંડળી, ૩ કરોડથી ૫ કરોડ જેનું ટર્નઓવર છે તેવી ચાર મંડળીઓ, ૧ કરોડથી ૩ કરોડ એવી ૧૪ મંડળીઓ અને ૧ કરોડથી નીચે એવી ૧૫ મંડળીઓ, આમ કુલ, ૩૮ મંડળીઓને સારી કામગીરીનું પ્રશસ્તીપત્ર અને 'સેવા ફેડરેશન રજત જયંતિ'ના લોગો સાથેની ઘડીયાળ ભેટ આપવામાં આવી.

આ કાર્યક્રમમાં તાપી જીલ્લાની મેઘામંડળીનાં આદિવાસી બેનોએ આદિવાસી નૃત્ય કર્યુ.

સંઘના મેનેજીંગ ડીરેકટર નમ્યાબેન મહાજને આભાર માન્યો. અને 'અમે પાર કરીશું' અને 'હમ સબ એક- હૈ' નારા સાથે પૂર્ણાહુતિ થઈ.

- જયા વાઘેલા

❑

## વાત કરું: શાક, ફૂલ, શૌચની આપવીતી આ છે હેરિટેજ સીટી અમદાવાદની સ્માર્ટ પ્રગતિ...

નાતાલની રજા ને જમાલપુર સ્વાભાવિક બજારના આગેવાન આપણાં શાન્તાબહેનનો સવિતાબહેન પર ફોન પર ફોન કે, અમે સવારે આવ્યાં બજારમાં તો જોયું કે જમાલપુર હોલસેલ શાકભાજી બજારના ગેટ નં-૧ ની સામેના પહેલાં ગાળામાં વેચનારાઓ જ્યાં બેસીને શાકભાજી વેચે છે તેમના માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને બનાવેલ થડામાં ખોદાણ કામ ચાલતું હતું. કોન્ટ્રાક્ટરને પૂછયું તો ખબર પડી કે, કોર્પોરેશન દ્વારા અહીં 'સ્વચ્છ -ભારત કાર્યક્રમ' નીચે શૌચાલય બનાવવાનું કામ ચાલી રહયું હતું. સેવાના આગેવાનો કામ અટકાવવા ખૂબ પ્રયત્નો કર્યા પણ, કામ અટક્યું જ નહી! આ બાબતે રસાકસી થતાં એક વેચનારભાઇને પોલિસ પકડીને લઇ ગયાં. સવિતાબહેને આ બનાવની મને જાણ કરતાં હું અને સવિતાબહેન પહોંચ્યા બજારમાં. ત્યાં સ્થળ પર જોયું તો, આપણાં ૧૨ સભ્યોના શાકભાજી વેચવાના થડા ખોદી નાંખેલા. કોન્ટ્રાક્ટરને વાત કરી તો કહે, તમારા કોઇ સભ્યોને આમાં વાંધો નથી. તમારા થડા છોડીને જગ્યા ખોદી છે. તેમને જમાલપુરમાં વેચનારા માટે આ થડા કોર્પોરેશને બનાવી આપ્યાં છે તેની વાત કરી. પણ, સમજે જ નહીને! તેથી, એસ્ટેટ વિભાગના ઓફિસર સાથે વાત કરી. તો કહે બેન, અમે આવું કોઇ જ કામ શરૂ કર્યુ નથી. તેમણે મને એડીશનલ સીટી એન્જિનિયરનો ફોન નંબર આપ્યો. મેં તેમને ફોનથી સઘળી વાત કરી. તેમણે શૌચાલય બનાવવાનું કામ આજે બંધ રાખવાની સૂચના આપી.

બીજા દિવસે આપણે શાંતાબેનને લઇને ઓફિસરનો આભાર માની અને વિગતે વાત કરતાં કહયું કે અહી તમારા થડામાં હું કોઇ સુલભ-શૌચાલય નહી બનાવું. આજુ-બાજુ બીજી જગ્યા જોઇ અમે ત્યાં બનાવીશું.

આપણે તેમને જણાવ્યું કે, અહી ૨૫ ડગલા ચાલોને ચાર સુલભ-શૌચાલય છે! તેમણે કહયું કે, 'સ્વચ્છ ભારત' અભિયાન નીચે ૧૦૦ ફૂટના અંતરે શૌચાલય બનાવવાનો આદેશ છે. પણ, આ જગ્યા વેચનારાને ફાળવી છે તેની મને ખબર ન હતી. તમે ચિંતા ના કરો. ત્યાં શૌચાલય નહી બને. તમે કાલે આના ચાર્જમાં જે ઓફિસર છે તેમને મળીને ફૂલબજારની જગ્યા બનાવી દેજો. હું તેમને જાણ કરી દઇશ.અમે પાછા જમાલપુર ગયા તો શૌચાલય બાનનવાનું કામ અટકી ગયેલું હતું. અમે સહુએ રાહતનો શ્વાસ લીધો.

ત્રીજા દિવસે સવારે ફૂલબજાર આગળ સુલભ શૌચાલય બને તે માટે એડીશનલ સીટી એન્જીનિયરે અમને મળવા જણાવેલ તે ઓફિસરને મળવા કોર્પોરેશનની ઝોનલ ઓફિસમાં ગયાં અને વિગતો જણાવતા ઓફિસર કહે કે, આ થડા તો તમને કોર્પોરેશને આપ્યાં છે, તે લેખિત હોય તો બતાવો. મેં પણ જગ્યાની વિઝિટ કરી છે. અત્યારે કામ બંધ છે. અમે અમારા સાહેબને મળી અમારી જે રજૂઆત હશે તે જણાવીશું. ત્યાર બાદ, અમે ફૂલબજાર પાસે શૌચાલય બનાવી શકાય કે કેમ તે જોવા જતાં રસ્તામાં જોયું તો પુલ નીચે ફરી શૌચાલય બનાવવાનું કામ શરૂ કરેલું! અમે તરત રિક્ષામાંથી ત્યાં જ ઉતરી ગયા. ત્યાં મજૂરોને કામ ન કરવા જણાવ્યું તો પોલીસે અમને રોક્યાં અને મજૂરોને કહે, તમે કામ ચાલુ રાખો. એટલી વારમાં ગાયકવાડ હવેલીના પોલીસ ઇન્સપેક્ટર આવ્યાં તેમને પણ થડાની વાત કરી. તો કહે બેન, તમે તમારી જે રજૂઆત હોય તે કોર્પોરેશનમાં કરો અહી કોઇ પણ કામમાં દખલગીરી કરશે તેને સીધ્ધા પુરી દઇશ! અમારી કોઇ વાત સાંભળતા જ ન હતાં. કહે કે, આ તો સેન્ટ્રલમાંથી ઓર્ડર છે એટલે કામ તો ચાલુ જ રહેશે. તેથી આપણે ફરી કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીને ફોન કર્યો. તો કહે બેન, હું કામ બંધ કરાવું છું. કોન્ટ્રાક્ટરને ફોન કરું છું. કોન્ટ્રાક્ટર અમારી સાથે વાત કરવા આવ્યાં તો પોલીસ કહે કે, મને પૂછયા વગર કોઇની સાથે વાત કરવાની નથી. તેમ કહી કોન્ટ્રાક્ટરને ત્યાંથી કાઢી મુક્યાં. ફરી કામ બંધ ન થતાં પાછો કોર્પોરેશનમાં ફોન કરીને જણાવ્યું કે, કામ બંધ કરવાનું પોલીસ ના પાડે છે. તેથી તમારા અધિકારીને તાત્કાલિક મોકલો તો કામ બંધ કરે. પણ આ દરમ્યાન કોન્ટ્રાક્ટરના અને પોલીસના કહેવાથી ઝડપથી ૬ થી ૭ થર ઈંટોથી ચણતર કરી દીધું. સભ્યો બૂમાબૂમ કરે કે બેન, આ તો તમારું પણ માનતા નથી અમને તો ક્યાં ગાંઠે ? આપણે તેમને શાંતિ રાખવા કહયું.

અમારા બધાંના જીવ તો તાળવે. હું લાગેલી ફોનમાં ને સવિતાબેન તો પેલા મજૂરો અને કોન્ટ્રાક્ટરની પાછળ કામ બંધ કરાવવા! પણ કોણ સાંભળે ? પોલીસ અમને કહે કે, તમે વચ્ચે ના પડો નહીતર મારે પગલાં લેવા પડશે. તમને જે રજૂઆત હોય તે પોલીસ સ્ટેશનમાં આવીને કરો. તેમ કહીને એ તો જતા રહયાં. એટલામાં કોર્પોરેશનના ભાઇએ જણાવ્યું કે આ કામ ચાલુ રાખવા કોન્ટ્રાક્ટરે પોલીસ બંદોબસ્ત લીધો છે. જેની કોર્પોરેશનને ખબર જ ન હતી! ત્યાં જ અમને શંકા થઇ કે કોન્ટ્રાક્ટરે પોલીસને પૈસા આપ્યા છે. હવે અમે પહોંચ્યા પોલીસ સ્ટેશને. પી.આઇને મળવા રૂમમાં જતાં તેમને અમને બહાર બેસવા જણાવતા હું અને સવિતાબહેન બહાર બાંકડે બેઠાં. ૧૦ મિનીટ થઇ, ૧૫ મિનીટ થઇ પણ, અધિકારી તો બહાર આવે જ નહિં ને! ત્યાં અમે જોયું તો કોન્ટ્રાક્ટર પણ પી.આઇ.ના રૂમમાં ગયાં. અડધો કલાક થયો પણ કોઇ બહાર ના આવે અમે તો બહાર બેઠા ગપસપ કરીએ કે પોલીસને આ કામ ચાલુ રાખવામાં આટલો બધો રસ કેમ છે ? એટલામાં અધિકારી બહાર આવ્યાં તેમણે કહયું, આ કામ અટકાવી દીધું છે તમે સાંજે કોર્પોરેશનના અધિકારીને મળી લેજો. પણ, હું ને સવિતાબહેન બહાર પી.આઇ.ની રૂમ આગળ બેઠાં કે, આભાર માનતાં જઇએ. અમે દરવાજો ખોલી ડોકિયું કર્યુ તો, અમને અંદર બોલાવીને સમજાવવા લાગ્યાં કે, કોર્પોરેશને આ શૌચાલય બનાવવાનો વર્ક ઓર્ડર આપ્યો છે. ત્યાં શૌચાલય બને તો તમને શું વાંધો છે ? આપણે થડાની વાત કરી. પણ તેઓને આપણી

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

**: મુખ્ય શાખા :**

**૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬**

**ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭**

## ''અટલ પેન્શન યોજના''

સાથે હવે આપણે નિવૃત થઇ શકીએ છીએ.

ખેડૂત, શ્રમિકો અને અસંગઠિતક્ષેત્રનાં અન્ય સ્વરોજગાર નાગરિકો માટે ભારત સરકારની પેન્શન યોજના

૧૮ વર્ષથી ૪૦ વર્ષની કોઇ પણ વ્યક્તિ કેનું એનપીએસ(નેશનલ પેન્શન યોજના) સ્વાવલંબનમાં ખાતું હોય તે વહેલી તકે આધાર કાર્ડ, ફોટો આપી અટલ પેન્શન યોજનામાં જોડાઇ શકે છે.

અટલ પેન્શન યોજનામાં જોડાયેલ વ્યક્તિ ૬૦ વર્ષ પછી પેન્શન નો લાભ મેળવી શકે છે. તદુપરાંત મૃત્યુ પછી તેમના જીવનસાથી પણ તેટલી જ રકમનો પેન્શન નો લાભ મેળવી શકે છે અને વારસદાર ને મળવા પાત્ર રકમનો લાભ મળે છે.

દા.ત. ૧૮ વર્ષની વ્યક્તિ અટલ પેન્શનમાં ફક્ત માસિક રૂા. ૨૧૦/- ભરી ૬૦ વર્ષ બાદ ઓછામાં ઓછું રૂા. ૫૦૦૦/- પેન્શનનો લાભ મેળવી શકે છે તથા તેમના વારસદાર પણ રૂા. ૮,૫૦,૦૦૦/-ની રકમનો લાભ મળે છે. એપીવાયમાં લઘુત્તમ ગેરેન્ટી પેન્શન રકમ મળવા પાત્ર છે.

**સરકારના આદેશ અનુસાર આપનાં બેંક ખાતા સાથે આપનું આધાર કાર્ડ જોડવું અનિવાર્ય છે. આધાર કાર્ડ લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૧૮ છે. તમામ માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે પોતાના આધાર કાર્ડની કોપી લઇ નજીકની શાખાનો તુરંત સંપર્ક કરો.**

વાત સમજવી જ ન હતી તેવું અમે સમજી ગયેલાં એટલે અમે આભાર માનીને બહાર નિકળી ગયાં. પાછળ કોન્ટ્રાક્ટરભાઇ આવ્યાં ને કહેવા લાગ્યાં, હું તો એક મોટી સંસ્થામાં કામ કરું છું. આ શૌચાલય અમે મફતમાં બનાવીએ છે. સામે બીજા જે શૌચાલયવાળા છે તે અમારો વિરોધ કરે છે. તેની અરજી મેં પોલીસ સ્ટેશનમાં આપી છે જેમાં લખેલું કે, સેવા પૈસાના વગ પર બીજા શૌચાલયવાળા સાથે મળીને અમારો વિરોધ કરે છે. હવે અમે ત્યાંથી છુટા પડી જમાલપુર બજારમાં સભ્યોને જાણ કરવા માટે ગયાં. કામ બંધ થઇ ગયું હતું. કારીગરો-મજૂરો આજુબાજુ બેઠાં હતાં ખૂબ મોડુ થતાં અમે ત્યાં શાંતાબહેનના થડે જમવા બેઠાં ને પાછા એક વેચનાર દોડતા આવ્યાં ને કહે, બેન ચણતર પાછું ચાલુ થયું! હું સવિતાબહેન, જિજ્ઞાસાબહેન અને શાંતાબહેન ખાધું-ના ખાધું ને હાંફળા-ફાંફળા પાછા કામની જગ્યાએ પહોંચ્યાં...

કોર્પોરેશનના અધિકારીની સૂચના છતાં તે કોન્ટ્રાક્ટરભાઇ કામ વળી વળીને ચાલુ કરે. હું ખૂબ ગુસ્સે થઇ છતાં પણ તેમને શાંતિથી કહયું કે ''ભૈયા આપકો કિસ ભાષામેં સમજાઉં ? કોર્પોરેશન કે બડે સાહબને ભી કામ બંધ રખને કો કહા ફિર ભી આપ ક્યું સુનતે નહીં હો ? ચલો અભી મેરે સાથ ઉનકો મિલને યા ફિર ફોન પર બાત કરો.'' તો કહે બહેનજી, આટલો જે માલ પડયો છે તે ખરાબ થઇ જશે તેનો ઉપયોગ કરી લેવા દો તો મેં કહયું કે ભાઇ, અહીં શૌચાલય બનાવવાનું જ નથી તો પછી તમારે કેમ આ મહેનત કરવી છે ? તો કહે, મારી મોટા સાહેબ સાથે વાત નથી થઇ. મેં ફોન લગાવી તેમને કહયું લો, વાત કરો તો કહે હું શા માટે વાત કરું ? ને દૂર ભાગી ગયા. અમે તો ત્યાંને ત્યાં જ ઉભા રહયાં. મજૂરોને કહયું માલ કોથળામાં ભરી દો., ઉભા જ રહયાં કશું પણ બોલ્યાં વગર.

આ મજૂરો પણ સેવાના બાંધકામના સભ્યો હતાં. તેઓ પણ સેવાના વેચનાર સભ્યોની તરફેણ કરતાં, કામ અટકાવી દીધું... અને હવે આગળશું કરવું ? ફરી કામ ચાલુ ના થાય તે માટે બજારના તમામ વેચનારા સભ્યોની સહી વાળી એક અરજી લખીને એડીશનલ સીટી એન્જીનિયરને સભ્યોની સાથેમળીને રજૂઆત કરી કે, આપની સૂચના છતાં આ કોન્ટ્રાક્ટરભાઇ વારંવાર કામ ચાલુ કરે છે. આ બેનોને ડર છે કે રાત્રે ફરી કામ શરૂ કરશે. અધિકારીએ કહયું, તમે કેમ ચિંતા કરો છો બેન ? તોડી નંખાવીશું. તાત્કાલિક તેમના હાથ નીચેનાં અધિકારીને બોલાવીને કહયું, આજે જ ત્યાંથી શૌચાલય બનાવવાનો માલ-સામાન ઉપાડીને બીજે મુકાવો અને તે કોન્ટ્રાક્ટરને બ્લેક લીસ્ટમાં મુકો. હવે પછી કોઇ કામ કોર્પોરેશનનાં તેમને ના મળે. બેન, તમે નિશ્ચિંત થઇને જાવ. તમારા થડાવાળા ગાળામાં શૌચાલય નહીં બને.

આમ, કોર્પોરેશનના અધિકારીના અને બહેનોની સજાગતાને લીધે ત્રણ દિવસના સતત સંઘર્ષ પછી વેચનારાના થડાની જગ્યાએ શૌચાલય બનાવવાનું કામ આપણે રોકી શક્યાં હવે જોઇએ, આગે આગે...

અમને માણેકબાવાના ઇતિહાસ યાદ આવી ગયો. સવારે કોટ બાંધે ને રાત્રે કોઇ તોડી પાડે...!

**- ગીતા, સવિતા**

❑

# સેવા જમ્મુ-કાશ્મીરનો પત્રઃ

સેવા જમ્મુ-કાશ્મીરના કુપવારા અને ગાર્ધબલ જિલ્લાના ૨૫ સભ્યો ભારતદર્શન કાર્યક્રમ હેઠળ અમદાવાદની મુલાકાત લીધી. આ કાર્યક્રમ જે આતંકના ઓછાયા હેઠળના વિસ્તારમાં રહેતાં બહેનોને આજીવિકા સાથે સેવાએ જોડયાં તેમજ શાંતિ સ્થાપવાનું કામ કર્યુ. તેની નોંધ લઇને, ગૃહમંત્રાલય અને બોર્ડર સિક્યુરીટી ફોર્સની ટીમે આ પ્રવાસ કાર્યક્રમ આપ્યો હતો.

ગર્વનર શ્રીની સામે અમારા કામની રજૂઆત કરી. તેમણે શાંતિથી અમને સાંભળ્યા અને અમારા કામની કદર કરી. અમને કહયું કે, કાશ્મીરની બહેનો જાતે કાપડ બનાવે છે તેમજ જાતે ભરતકામ કરીને સિલાઇકામ કરીને પોતે જાતે જ બજારમાં વેચાણ કરે છે જે જાણીને આનંદ થયો.

આ બહેનોએ પોતાના અનુભવોમાં જણાવ્યું કે, અમને તો પહેલી વાર ટ્રેન-ફ્લાઇટમાં બેસવાનો મોકો મળ્યો. શરૂઆતમાં ડર મહેસુસ થતો પરંતુ ટીમમાં હોવાથી હસતા-હસતા ૨૫ દિવસની સફર ક્યાં પસાર થઇ ગઇ ખબર જ ના પડી.

આ પ્રવાસ દરમ્યાન જોયુ કે, દુનિયામાં લોકોની પાસે સમય નથી. લોકો આમતેમ ભાગદોડ કરતા જ રહે છે. આ તો અજાયબ લાગ્યું અમને...

આ પ્રવાસમાં સભ્યબહેનો પોતે તેમજ તેમનાં સગાવહાલાં પણ જોડાયેલાં.. જેમણે કહયું કે, અમારી દિકરીઓ વારંવાર તાલીમો અને વર્કશોપમાં ભાગ લેવા ગુજરાત આવે છે તે હવે જાતે નિહાળ્યું. અમારી બહેન-દિકરીઓ ક્યાં જાય છે કોને મળે છે. જેનાથી એક સંતોષ અને વિશ્વાસ થયો.

ગાંધી આશ્રમમાં ગાંધીજીના જીવન વિશેની જે જાણકારી નહોતી તે જાણવા મળી. મોટી ઉંમરના બહેનોને ચરખા પોતે વર્ષો પહેલાં વાપરતા હતાં જે યાદ તાજી થઇ.

અનસૂયાબહેન- મોટાબહેનનું પ્રદર્શન જોવા માટે ગયાં તો ત્યાં તેમને મકાન મહેલ જેવું લાગ્યું. જ્યારે, મોટાબહેનની વાતો સાંભળી તો જાણ્યું કે કેટલા મોટા ઘરની દીકરી કેવી સાદગી અને સરળ રીતે પોતાનું જીવન જીવતા હતાં.

ઇલાબહેનનો એક દાખલો અમને ખૂબ ગમ્યો જે અમારા જીવનમાં ઉતરી ગયો કે, આપણે એક બીજાના દુશ્મન નથી પરંતુ દુશ્મન આપણાં પ્લાસ્ટીક બેગ, સ્ટીલ વાસણો, નાયલોનના ડ્રેસ છે જેનાથી શરીરને નુકશાન થાય છે.

બીજીવાત અંતરથી સ્પર્શી ગઇ.. અમો માત્ર કાશ્મીરને જ પોતાનું ગણતા હતાં પરંતુ બેને કહયું કે, વિસ્તાર, દેશ, સરહદ અને સમાજ આપણે બનાવ્યા છે. જે ભગવાન કે અલ્લાહે નથી બનાવ્યાં. આપણે આપણું સમજીને તેની કાળજી રાખવી જોઇએ. એકજૂથ થઇને રહેવું જોઇએ.

અંતરિયાળ વિસ્તારમાં આતંકના ઓછાયા હેઠળ રહેતાં આ સભ્યો ભારતદર્શનથી નવી તાજગી-ઉર્જા લઇને પાછા ગયા.

**- દિશા**

❑

‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-1-2018

## સેવા સમાચાર

માનનીય નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીજીએ આગામી બજેટની મીટિંગ બધાં રાષ્ટ્રીય સંગઠનોની બોલાવેલી તેમાં ‘‘સેવા’’એ કરેલી રજૂઆત આપણે ૨૨/૧૨/૨૦૧૭ના અનસૂયાના અંકમાં જોઇ. સાથે જ બધા રાષ્ટ્રીય સંગઠનોએ પણ ૧૨ મુદ્દાની જે સામુહિક માંગો સરકાર સમક્ષ મુકેલી છે તે આ ૧૨ માંગો ને ધ્યાનમાં લઇને તેનું એક આવેદનપત્ર સામુહિક રીતે આપેલ જેમાં ખાસ, સેવાનાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થયેલો.

૧. આંતરરાષ્ટ્રીય શ્રમસંસ્થાનું કન્વેન્શન ૧૮૯ ઉપરથી ઘરેલું કામદારો માટે કાયદો બને તેમજ ઘરેલું કામદારો માટે સપોર્ટ સીસ્ટમ બને.

૨. અસંગઠિત ક્ષેત્રના તમામ કામદારો કોન્ટ્રાક્ટર પર કામ કરતાં, હંગામી કામદારો સ્થળાંતરિત મજૂરો વગેરેને આવરી લઇને રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા ફંડની રચના થાય.

૩. દરેક રાજ્ય સરકાર વેચનારાની આજીવિકાને રક્ષણ આપતો કાયદા ઉપરથી રાજ્ય સ્તરના નિયમો બનાવે તેમજ તેમની આજીવિકાને મજબૂત કરવા વેચનાર સ્વાભાવિક બજારના મોડલ બનાવવા ફંડ ફાળવવું.

૪. બાંધકામ કામદારોના દરેક રાજ્યના સામાજિક સુરક્ષા ત્રિપક્ષીય બોર્ડમાં કર વ્યવસ્થિત એકઠો થાય. અને યોગ્ય રીતે વપરાશ થાય તેમજ કરચોરી અટકે નાણાંમંત્રાલય જવાબદારીપૂર્વક જુવે.

❑

## અનસૂયા

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક ‘અનસૂયા’
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો ‘અનસૂયા’નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- ‘સેવા’ અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર ‘અનસૂયા’ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી ‘અનસૂયા’ પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે ‘અનસૂયા’ પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-1-2018

સેવા રિસેપ્શાન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]